GJBK130020242025

રજુ તારીખ : ૩૦/૧૨/૨૦૨૫
દાખલ તારીખ : ૩૦/૧૨/૨૦૨૫
ફૈંસલ તારીખ : ૨૩ /૦૩/૨૦૨૬
**અવધિ:**..... વર્ષ.૦૦ માસ.૦૨ દિવસ.૨૪

**આંક –૨૨**

## ફોર્મ–એ

| | |
|---|---|
| **દાંતીવાડાના મહે.જયુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મું. દાંતીવાડા.** | |
| **ચુકાદાની તારીખ :– ૨૩ /૦૩/૨૦૨૬**<br>**ફોજદારી કેસ નં. :– ૧૬૬૭ / ૨૦૨૫**<br>**પાંથાવાડા પો.સ્ટે. ગુ.ર.નં. ૫૦૨ /૨૦૨૫**<br>**ગુન્હો :– બી.એન.એસની કલમ – ૨૮૧,૧૦૬(૧) તથા એમ.વી.એકટની કલમ ૧૭૭,૧૮૪ મુજબ.** | |
| **ફરીયાદી :–** | શ્રી સરકાર |
| **રજુ મારફતે :–** | વિ.એ.પી.પી.શ્રી જે.જે.મોર. |
| **આરોપી :–** | **દિલીપભાઈ અશોકભાઈ ગોમતીવાળ(પુરોહીત)**<br>રહે– ગુંદરી, તા.દાંતીવાડા, જી.બનાસકાંઠા. |
| **રજુ મારફતે :–** | વી.વ.શ્રી કે.પી.પુરોહીત |

## ફોર્મ–બી

| | | |
|---|---|---|
| ગુનાની તારીખ | : | ૨૨ – ૧૦ –૨૦૨૫ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | : | ૨૨ – ૧૦ –૨૦૨૫ |
| આખરી અહેવાલની તારીખ | : | ૩૦/૧૨/૨૦૨૫ |
| તહોમતનામાની તારીખ | : | ૩૦/૧૨/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | : | ૧૬/૦૨/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | : | ૨૩ /૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | : | ૨૩ /૦૩/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | : | –– |

## આરોપીની વિગત :–

| નં | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયુ/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમય ગાળો ફો.કા.સં. ની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઉપર મુજબ | ૨૧/૧૧/૨૦૨૫ | – | ઉપર મુજબ | નિર્દોષ | –– | –– |

## ફોર્મ–સી

**ફરીયાદ પક્ષ/બચાવ પક્ષ/અદાલત ધ્વારા તપાસવામાં આવેલ સાક્ષીની યાદી**

**(એ) ફરીયાદ પક્ષ :–**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | જીગરકુમાર શંકરભાઈ પરાડીયા | ફરીયાદી | ૦૮ |
| ૨ | દિનેશભાઈ ચતરાજી નટ | પંચ | ૧૦ |
| ૩. | જીવાભાઈ હનાજી પરાડીયા | સાહેદ | ૧૨ |
| ૪. | કુલીબેન શંકરભાઈ પરાડીયા | સાહેદ | ૧૩ |

**(બી) બચાવ પક્ષે સાક્ષી, જો હોય તો :–**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| – | –– | –– |

**(સી) અદાલત ધ્વારા સાક્ષી, જો હોય તો :–**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| – | –– | –– |

**ફરીયાદ પક્ષ/બચાવ પક્ષ/અદાલત ધ્વારા આંકે પાડવામાં આવેલ દસ્તાવેજની વિગત :–**

**(એ) ફરીયાદ પક્ષ :–**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૦૯ | ફરીયાદ. |
| ૨ | ૧૧ | પંચનામું |
| ૩ | ૧૪ | મરણોત્તર પંચનામું |
| ૪ | ૧૫ થી ૧૮ | મેડીકલ સર્ટીફીકેટ |
| ૫ | ૧૯ | પી.એમ.નોટ |

**(બી) બચાવ પક્ષ :–**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| – | –– | –– |

**(સી) અદાલત દ્વારા :–**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| – | –– | –– |

**(ડી) મટીરીયલ ઓબ્જેકટસ :–**

| અ.નં. | મટીરીયલ ઓબ્જેકટ નંબર | વિગત |
|---|---|---|
| – | –– | –– |

**–: ઠરાવ :–**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા. ૧૮/૧૦/૨૫ ના કલાક ૨૦/૪૫ ના રોજ મોજે પાંથાવાડા કન્યાશાળા પાસે તમો તહોમતદાર દીલીપભાઈ અશોકભાઈનાોઅ પોતાનુ હીરો એચ.એફ.ડીલક્ષ મોટર સાઈકલ નં બર જીજે–૦૮–ડી.એ– ૧૨૯૭ નુ પુરઝડપે અને બેદરકારી રીતે હંકારી લાવી ફરીયાદી ના ભાઈ દીપકભાઈ શંકરભાઈ ને તેની એકટીવા નંબર જીજે–૦૮–ડી.આર–૫૮૮૨ ને સામેથી ટકકર મારી અકસ્માત કરી માથાના ભાગે ગંભીર ઈજાઓ કરી સારવાર દરમ્યાન મોત નિપજાવી ગુનો કરેલ છે.

**(૨)** આ કામના ફરીયાદીએ ઉપરોકત બનાવ સંબંધે પાંથાવાડા પોલીસ મથકે ફરીયાદ આપતાં, પોલીસે પાંથાવાડા પો. સ્ટે. ફ. ગુ. રજી. નં. ૫૦૨ / ૨૦૨૫ થી ગુન્હો રજીસ્ટર કરી તપાસના અંતે હાલના આરોપીઓ વિરુધ્ધ બી.એન.એસ ૨૦૨૩ .કલમ– ૨૮૧,૧૦૬(૧) તથા એમ.વી.એકટની કલમ ૧૭૭,૧૮૪ મુજબના ગુન્હાનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

**(૩)** આરોપીને નામદાર કોર્ટ દ્વારા સમંસ કરવામાં આવેલ જે આરોપીને ધારાસર બજતાં, તેઓ નામદાર કોર્ટ સમક્ષ હાજર થયેલા. ત્યાર બાદ આરોપી સામે તહોમતનામું ફરમાવી તેઓનું તે લગત નિવેદન નોંધેલ છે. જેમાં તેઓએ ગુના સબબનો ઈન્કાર કરેલો. જેથી સદર કામ ફરિયાદપક્ષના પુરાવાના તબકકે રાખવામાં આવેલું. ત્યારબાદ પુરાવો નોંધવામાં આવેલ છે.

(૪) આ કામે રેકર્ડ ધ્યાને લેતાં, આ કામના પક્ષકારો વચ્ચે આ ગુનામાં રાજીખુશીથી આંક– ૨૦થી સમાધાન પુરશીશ તેમજ સમાધાન થતાં પક્ષકારો તરફથી સમાધાન થયેલ છે.

(૫) ફરીયાદપક્ષે આ કામે વધુ કોઈ પુરાવા તપાસવા માંગતા ન હોઈ ફરીયાદપક્ષે આંક– ૨૧ થી પુરાવો બંધ કરવા અંગેની પુરસીસ રજુ કરતાં,પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૬) ફરીયાદપક્ષે ઉપરોકત રજુ થયેલ પુરાવો જોતાં આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ વધારાનું નિવેદન રેકર્ડ કરવા પુરતો પુરાવો રજુ થયેલ ના હોવાથી આરોપીનું વધારાનું નિવેદન લેવામાં આવેલ નથી. ત્યાર બાદ પ્રોસીકયુશન તરફે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપી તરફેના વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે

(૭) આ કામે નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉદ્‌ભવે છે.

*:: મુદ્દા ::*

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ૧૮/૧૦/૨૫ ના કલાક ૨૦/૪૫ ના રોજ મોજે પાંથાવાડા કન્યાશાળા પાસે તમો તહોમતદાર દીલીપભાઈ અશોકભાઈનાોઅ પોતાનુ હીરો એચ.એફ.ડીલક્ષ મોટર સાઈકલ નં બર જીજે–૦૮–ડી.એ– ૧૨૯૭ નુ પુરઝડપે અને બેદરકારી રીતે હંકારી લાવી ફરીયાદી ના ભાઈ દીપકભાઈ શંકરભાઈ ને તેની એકટીવા નંબર જીજે–૦૮–ડી.આર–૫૮૮૨ ને સામેથી ટકકર મારી અકસ્માત કરી માથાના ભાગે ગંભીર ઈજાઓ કરી સારવાર દરમ્યાન મોત નિપજાવી ગુનો કરી બી.એન.એસ ૨૦૨૩ .કલમ– ૨૮૧,૧૦૬(૧),તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ આપવામાં આવે છે.

*:: નિર્ણયો ::*

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

(૯) ઉપરોકત નિર્ણયોના કારણો નીચે મુજબ આપવામાં આવે છે.

// **કા ર ણો** //

**મુદ્દા નં. ૧ :–**

***રેકર્ડ પરના સાહેદોનો પુરાવો* :–**

૯.૧) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક– ૦૮ થી ફરીયાદી પોપટજી રુપાજી લોડના (ઠાકોર) ને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની જુબાનીમાં તા.18.10.25 ના દિવસે મારો ભાઈ દિપક સવારે નવ વાગ્યે પાર્લર પર નોકરી એ ગયેલો અને હું મેડીકલ પર નોકરી ગયેલો. ત્યારે મારા ભાઈના શેઠ મહેન્દ્રભાઈનો ફોન આવેલો કે, તમારા ભાઈ દિપકભાઈને પાંથાવાડા કન્યાશાળાથી પાંથાવાડા સરકારી દવાખાના તરફ જતાં રોડ પર અકસ્માતં થયેલ છે તમો જલદી આવો. અમો તેને આસ્થા હોસ્પિટલમાં લઈને જઈએ છીએ. અને હું આસ્થા હોસ્પિટલમાં જતો હતો ત્યારે મહેન્દ્રભાઈનો ફોન આવેલો કે, દિપકભાઈને વધુ વાગેલ હોય શ્લોક આઈ.સી.યુ. પાલનપુર લઈ જઈએ છીએ તમે આવો. તેથી હું મારા માતા, મારા કાકા, અમે બધા ગાડીમાં શ્લોક હોસ્પિટલમાં ગયેલાં અને જોયું તો મારા ભાઈને જમણી બાજુ માથાના ભાગે વાગેલું હતું અને બેભાન અવસ્થામાં હતો આ બાબતે મેં મહેન્દ્રભાઈને પુછતાં તેઓએ મને જણાવેલું કે, મારુ એક્ટીવા નંબર જીજે 08 બીઆર 5882 નું લઈ દીપક પેટ્રોલ ભરાવવા સારુ ગયેલો અને પેટ્રોલ ભરાવીને પરત આવતો હતો તેવ ખતે સીવીલમાં જવાના રસ્તા તરફ વળાંકમાં સામેથી આવતાં મોટરસાયકલ નંબર જીજે 08 ડીએ 1297 પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી દિલીપભાઈ અશોકભાઈ ગોમતીવાળા એ મારા ભાઈને ટક્કર મારતાં મારો ભાઈનીચે પડતાં તેને માથાના ભાગે ઈજા પહોંચેલી હતી અને તેને સારવાર માટે પાલ નપુર લઈ ગયેલ હતા અને તેને વધુ સારવાર માટે મહેસાણા દીપ આઇ.સી.યું માં લઈ ગયેલાં. અને બીજા દિવસે તા.19.10.2025 ના રોજ રાત્રે સાડા આઠ વાગ્યે મારા ભાઈ સારવાર દરમ્યાન મરણ ગયેલાં. તેમની લાશનું પી.એમ. કરાવી અંતિમસંસ્કાર કરેલો.અને દિવાળીનો તહેવાર હોય અમારા ઘરે મહેમાન આવતાં હોય અને આ બધી ધાર્મીક વિધીઓ પુરી કર્યાબાદ આ અંગેની ફરીયાદ મેં પાંથાવાડા પો.સ્ટે.માં આપેલી. આ ફરીયાદમાં મારી સહી છે જે હું ઓળખી બતાવુ છું. જેને આંક–૯ આપવામા આવે છે.

રજૂ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતા ન હોઈ પરંતુ ઉલટતપાસમાં પણ ફરિયાદપક્ષના કેસને સમર્થનકારક કોઈ પુરાવો આપતા નથી. જયારે આરોપી તરફે ફરીયાદી તથા સાહેદની વિગતવારની ઉંડાણપુર્વક સુચક પ્રશ્નો દવારા ઉલટતપાસ કરેલ તેમ છતાં તેઓએ ફરીયાદપક્ષના કેસની વિગતને સમર્થન આપેલ નથી.

૯.૨ ) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે આંક– ૧૦ થી પંચ સાહેદ દિનેશભાઈ ચતરાજી નટને તપાસવામાં આવેલ છે. તેઓ ગુનાવાળી જગ્યાના પંચનામાંના પંચ સાહેદો છે તેઓ જણાવે છે કે મને પાંથાવાડા પોલીસે પાંથાવાડા હાઇવે પર બોલાવી એક પંચનામામાં સહી. કરવાનુ કહેતાં મે પંચનામામાં સહી કરેલી. તે સિવાય હુ બીજુ કશું જ જાણતો નથી. મને આજ રોજ એક પંચનામું વાંચી સભળાવવામાં આવે છે. પરંતુ આવુ કોઇ પંચનામું મારી હાજરીમા થયેલું નથી. તેઓએ પંચનામાની હકિકતને લેશમાત્ર પણ સમર્થન કારક જુબાની આપેલ નથી તેથી તેઓને હોસ્ટાઈલ જાહેર કરેલ છે.

ઉપરોક્ત સાહેદોની બચાવપક્ષે વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવ તા તેઓ જણાવે છે કે એ વાત ખરી છે કે મે લખેલા કાગળમાં સહી કરેલી તે સિવાય બીજું કશું જ જાણતો નથી.

આમ આ સાહેદના પુરાવાથી તેઓએ પંચનામાની હકિકતને લેશમાત્ર પણ સમર્થન કારક જુબાની આપેલ નથી તેથી તેઓને હોસ્ટાઈલ જાહેર કરેલ છે, ફરીયાદપક્ષનો કેસ પુરવાર થતો નથી. તેઓએ પંચનામાની હકિકતને લેશમાત્ર પણ સમર્થન કારક જુબાની આપેલ નથી તેથી તેઓને હોસ્ટાઈલ જાહેર કરેલ છે.આમ આ સાહેદના પુરાવાથી ફરીયાદપક્ષનો કેસ પુરવાર થતો નથી.

૯.૩ ) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે આંક– ૧૨ થી સાહેદ જીવાભાઈ હનાજી પરાડીયાને તપાસવામાં આવેલ છે. બનાવ સને 2025 માં બનેલો. હુ મારા ઘરે હતો ત્યારે મારા ભત્રીજા જીગરનો ફોન આવેલો કે, કન્યાશાળા પાંથાવાડા પાસે દીપકની એકટીવાને અકસ્માત થયેલ છે અને તેને વાગેલ છે. તેને આસ્થા હોસ્પિટલમાં સારવાર માટે લઇ ગયેલ છે, તેથી અમો આસ્થા હોસ્પિટલમાં આવેલાં તો, જાણવા મળેલું કે, દિપકને વધુ સારવાર માટે પાલનપુર શ્લોક હોસ્પિટલમાં લઇ ગયેલ છે. અને જોયું તો તેને માથામાં ગંભીર ઇજાઓ થયેલ હતી અને બેભાન હતો. અમને મહેન્દ્રભાઇએ જણાવેલું કે, આ દિપક મારુ એક્ટીવા લઇ પેટ્રોલ ભરાવવા ગયેલો અને પરત આવતો હતો ત્યારે એક મોટર સાયકલ ના ચાલકે પોતાનુ મોટર સાયકલ પુરઝડપે હંકારી દિપકભાઇની એક્ટીવાને ટક્કરમારતાં આ ઈજાઓ થયેલ છે. દિપકભાઈને વધુ સારવાર માટે મહેસાણાં દિપ આઇ.સી.યું. હોસ્પિટલમાં લઇ ગયેલા અને તેઓ બીજા દિવસે સારવાર દરમિયાન આ ઈજાઓના કારણે મરણ ગયેલા. તેમનું પી.એમ. કરાવી સામાજીક વિધી કરેલી. આ અંગે પોલીસે મારી પુછપરછ કરેલી.

ઉપરોક્ત સાહેદોની બચાવપક્ષે વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવ તા તેઓ જણાવે છે કે એ વાત ખરી છે કે મે બનાવ નજરે જોયેલ નથી.

આમ આ સાહેદના પુરાવાથી તેઓએ ફરીયાદપક્ષનો કેસ પુરવાર થતો નથી.

૯.૪) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે આંક-૧૩ થી સાહેદ કુલીબેન શંકરભાઈ પરાડીયાને તપાસવામાં આવેલ છે. બનાવ સને 2025 માં બનેલો. હુ મારા ઘરે હતો ત્યારે મારા દિકરા જીગરનો ફોન આવેલો કે, કન્યાશાળા પાંથાવાડા પાસે દીપકની એકટીવાને અકસ્માત થયેલ છે અને તેને વાગેલ છે. તેને આસ્થા હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયેલ છે, તેથી અમો આસ્થા હોસ્પિટલમાં આવેલાં તો, જાણવા મળેલું કે, દિપકને વધુ સારવાર માટે પાલનપુર શ્લોક હોસ્પિટલમાં લઈ ગયેલ છે. અને જોયું તો તેને માથામાં ગંભીર ઈજાઓ થયેલ હતી અને બેભાન હતો. અમને મહેન્દ્રભાઈએ જણાવેલું કે, આ દિપક મારુ એક્ટીવા લઈ પેટ્રોલ ભરાવવા ગયેલો અને પરત આવતો હતો ત્યારે એક મોટર સાયકલ ના ચાલકે પોતાનુ મોટર સાયકલ પુરઝડપે હંકારી દિપકભાઈની એક્ટીવાને ટક્કરમારતાં આ ઈજાઓ થયેલ છે. દિપકભાઈને વધુ સારવાર માટે મહેસાણાં દિપ આઇ.સી.યું. હોસ્પિટલમાં લઈ ગયેલા અને તેઓ બીજા દિવસે સારવાર દરમિયાન આ ઈજાઓના કારણે મરણ ગયેલા. તેમનું પી.એમ. કરાવી સામાજીક વિધી કરેલી. આ અંગે પોલીસે મારી પુછપરછ કરેલી.

ઉપરોક્ત સાહેદોની બચાવપક્ષે વિ.વ.શ્રી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવ તા તેઓ જણાવે છે કે એ વાત ખરી છે કે મે બનાવ નજરે જોયેલ નથી.

આમ આ સાહેદના પુરાવાથી તેઓએ ફરીયાદપક્ષનો કેસ પુરવાર થતો નથી.

(૧૦) ફોજદારી કાર્યવાહીમાં ન્યાયી નિર્ણય કરતી વખતે એ ધ્યાનમાં રાખવું ખાસ જરૂરી છેકે, આરોપી સામે આક્ષેપિત બી. એન. એસ. ક. ૨૮૧ નો ગુનો પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે નીચે મુજબના તત્વો પુરવાર કરવાના રહે છે.

૧. અકસ્માત જાહેર માર્ગ પર બનેલ છે.

૨. આરોપી ધ્વારા ચલાવવામાં આવેલ વાહન એટલી બધી બેફામ અથવા ઉપેક્ષા યુકત હોવી જોઈએ કે જેથી મનુષ્યના જીવનને તે ભયમાં મુકે અથવા તો કોઈ અન્ય વ્યકિતને ઈજા કે નુકશાન કરે તેવી શકયતા ઉપસ્થિત થાય

આમ, બી. એન. એસ. ક.૨૮૧ ના આવશ્યક તત્વો ધ્યાને લેતા આરોપી પોતાના કબજાનું વાહન ચલાવવામા બેદરકારી દાખવે અથવા બેફામપૂર્વક હંકારે અને તે કૃત્યથી

રસ્તે જનાર માનવીની જીંદગી જોખમમાં મુકાય અને આવા કૃત્યથી અન્ય વ્યકિતને વ્યથા–મહાવ્યથા પહોંચે કે મૃત્યુ થાય તો જે તે આરોપીને આવા કૃત્ય બદલ બી. એન. એસ. ક.૨૮૧ ના ગુના માટે કસુરવાર ઠેરવી શકાય છે. એ રીતે ઉપરોકત કાનુની જોગવાઈઓના હાર્દ અને તેના તત્વો, તે લગત ઉચ્ચ અદાલતોના કાનુની ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ કાનુની સિધ્ધાંત ધ્યાને લઈ તેના હાર્દને જોતા એક બાબત નિર્વીવાદપણે સ્પષ્ટ બને છેકે માત્ર અકસ્માત સમયે આરોપી વાહન ચલાવતા હોય કે તે વાહન ઝડપમાં ચાલતુ હોય તેટલી જ બાબત આરોપીએ પોતાનું વાહન બેફામ પુર્વક અને બેદરકારીપૂર્વક હંકારી ગુનો કરેલ હોવાનું પુરવાર કરવા માટે પૂરતી નથી અને જયાં સુધી ફરીયાદપક્ષ શંકા રહીત પુરાવાથી ગુનાહિત બેદરકારી પુરવાર ન કરે ત્યાં સુધી આરોપી નિર્દોષ હોવાની બાબતના અનુમાનનો અવકાશ રહેતો હોય છે.

**૧૧ )** **<u>રેકર્ડ પરના પુરાવાનું પૃથ્થકરણ</u> :–**

**૧૧ .૧)** ઉપરોકત ફરિયાદપક્ષે રજુ કરેલ સમગ્ર પુરાવાનું વિશ્લેષણ કરી મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે ફરીયાદી સાહેદ એ હીત ધરાવતા સાહેદ છે. ફરીયાદી આ કામે હોસ્ટાઈલ જાહેર થયેલા છે, તેઓ આંક– ૦૯ ની ફરીયાદ હકીકતને સમર્થન કરતા નથી. ફરીયાદીની આંક– ૦૯ ની ફરીયાદ જોવામાં આવે તો તેમાં બનાવ અંગેની જે હકીકત જણાવેલી છે તેવી કોઈ હકીકત તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલી નથી. આમ, ફરીયાદ આપનાર ફરીયાદી પોતે જ બનેલ બનાવ વિશે કોઈ સ્પષ્ટ માહીતી રેકર્ડ ઉપર લાવી શકેલા ન હોવાથી આંક– ૦૯ વાળી ફરીયાદ હકીકતને કોઈ પણ રીતે સમર્થન મળતુ નથી તેવું આ કોર્ટ માને છે. આમ ફરીયાદી પોતે જ પોતાની ફરીયાદ હકિકતોને સમર્થન કરતા ના હોય તે સંજોગોમાં ફરીયાદપક્ષનો બાકીનો પુરાવો ગૌણ બની જાય છે. તેમજ હાલના કામે અન્ય કોઈ સાહેદ કે સબળ પુરાવો રેકર્ડ પર રજુ થયેલ નથી, કોઈ દસ્તાવેજી પુરાવો પણ રજુ થયેલ નથી. વધુમાં, આ કામે સ્વતંત્ર તટસ્થ સાહેદી પુરાવાનો અભાવ છે. આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ સોગંદ પરના પુરાવાથી આરોપીને ગુનામાં સાંકળી શકાય તેવો કોઈ સ્પષ્ટ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી.

**૧૨ )** આ ઉપરાંત, ફરીયાદીનો પુરાવો તેમજ ફરિયાદમાં જણાવ્યા મુજબ બનાવ સમયે આ કામના આરોપીએ બનાવના સ્થળે પોતાનું વાહન પુરઝડપે અને બેદરકારી રીતે હંકારી રોડ ક્રોસ

કરતા રામાભાઈ પદમાભાઈને ટકકર મારી, શરીરે ઈજાઓ કરી તથા જમણા પગમાં ફ્રેકચર કરેલ હોવાનો પુરાવો આપેલ છે. પરંતુ આક્ષેપીત બનાવમાં આરોપીએ જ પોતાનું વાહન પુર ઝડપે અને ગફલતભરી રીતે ચલાવતા હોય તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપરથી ફલીત થતો નથી. આમ સાહેદોનો પુરાવો જોતાં માત્ર વાહન પૂરઝડપે ચલાવતા હોવાની હકીકત પુરવાર થાય છે, પરંતુ સદર વાહન આ કામના આરોપી જ હંકારતા હતા તેવો કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં હાલના ચાલક વિશે કોઈ પબ્લીક તરફથી કે અન્ય રીતે પુર ઝડપે અને ગફલતભરી રીતે વાહન ચલાવે છે તે અંગેની કોઈ ફરિયાદ નથી. વધુમાં રેકર્ડ જોતાં આ કામે રજૂ થયેલ મેડીકલ સર્ટી.જોતાં સદર અકસ્માતમાં સાહેદને ઈજાઓ થયેલ હોવાનું અને તેની તેઓએ સારવાર લીધેલી હોવાનું પુરવાર થાય છે, પરંતુ આ અકસ્માત આ કામના આરોપીના બેદરકારી ભર્યા વલણના કારણે જ થયેલ હોય તેવો કોઈ સ્પષ્ટ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.આમ, આંક– ૦૯ થી રજુ થયેલ ફરીયાદ એ સબ્સટેનટીવ પુરાવો નથી, પરંતુ તે સમર્થનકારી પુરાવો છે. આમ, આ કામના ફરીયાદી પોતે જ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતો પુરાવો રજૂ કરેલ ન હોય તે સંજોગોમાં આ ડોકયુમેન્ટરી એવીડન્સ ઉપર આધાર રાખી આરોપીને સજા કરવી વ્યાજબી અને ન્યાયોચીત જણાતુ નથી. આમ,ઉપરોકત રજુ થયેલ પુરાવાથી ફરીયાદમાં જણાવેલ હકીકત નિ:શંકપણે સાબીત થયેલ હોવાનું માની શકાય તેમ નથી.

**૧૩)** ઉપરોકત રજુ થયેલ પુરાવામાંથી આ કામના આરોપી હાલના ગુના સાથે કેવી રીતે સંડોવાયેલા છે અને તે અંગેનો શુ પુરાવો એકત્ર કરેલો તેવી ઠોસબંધ હકીકતો નીકળી આવતી નથી. અને તેથી ખરેખર બનાવ વખતે આ કામના આરોપી ઉપર કરવામાં આવેલ આક્ષેપ મુજબ ખરેખર તેઓએ પોતાનું વાહન પુર ઝડપે અને ગફલતભરી રીતે પોતાનું તેમજ અન્યનું જીવન જોખમાય તે રીતે ચલાવતા હતા કે કેમ ? તે બાબતે આ સાહેદનો પુરાવો ટેકનિકલ પ્રકાર નો હોઈ ફરિયાદપક્ષને મદદરુપ થઈ શકે તેમ નથી. વાહન અકસ્માતના કેસમાં બનાવમાં સંડોવાયેલ વાહન બેદરકારીથી હંકારવામાં આવેલ હતું તેવું ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવું પડે. પરંતુ આ કામમાં રેકર્ડ ઉપર રજુ થયેલો પુરાવો જોતાં ફરિયાદપક્ષ આ હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ જાય છે. આમ, આ કામમાં રજુ થયેલ ફરિયાદપક્ષનો પુરાવો જોવામાં આવે તો હાલના આરોપીને ગુનામાં સાંકળી શકાય તેવો કોઈ પુરાવો આવતો નથી.

**૧૪)** આમ ફરિયાદપક્ષનો સમગ્ર પુરાવો જોતાં મુલ્યાંકનના અંતે સદર વાહનનો નંબર અને વાહનના ચાલક અંગે કોઈ હકીકત નીકળી આવતી નથી. તેમજ હાલના આરોપીની કોઈ ઓળખ હોય તેવો પણ કોઈ પુરાવો નથી. ભારતીય દંડ સંહિતાની કલમ–૨૭૯ માં ગુનો પુરવાર કરવામાં માત્ર પુર ઝડપ નહી પરંતું આરોપીની બેદરકારીનું કૃત્ય પણ પુરવાર કરવું અતિ આવશ્યક અને જરૂરી છે. જેથી આરોપી બેદરકારીથી વાહન ચલાવતો હતો તે હકીકત પુરવાર થતી નથી.

**૧૫)** આમ, ઉપરોકત ચર્ચાને જોતાં ફરિયાદપક્ષ આ કામના આરોપી સામે આક્ષેપ કરવામાં આવેલ તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ જતો હોઈ મુદૃા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદૃા નં.૨ પરત્વે નીચે મુજબ છેવટનો હુકમ કરવામાં આવે છે :

// **<u>હુકમ</u>** //

(૧) આ કામના આરોપીઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૨૭૧ અન્વયે બી.એન.એસ ૨૦૨૩ .કલમ– ૨૮૧,૧૦૬(૧),તથા એમ.વી.એકટ ૧૭૭, ૧૮૪ મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીનાં ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૧ મુજબનારૂા ૧૦,૦૦૦/–ના જામીન તથા જાત મુચરકા અપીલ સમય માટે આપવા.

(૩) ક્રિમીનલ મેન્યુઅલનાં પેરા ૪૦ તથા મુંબઈ પોલીસ મેન્યુઅલ ૧૯૫૯ નિયમ ૨૪૬ મુજબ હુકમનો ટુંકસાર સંબંધીત પોલીસ સ્ટેશનમાં મોકલી આપવો.

આ ઠરાવ આજરોજ ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવ્યો.

તારીખ : ૨૩ /૦૩/૨૦૨૬
મુકામ : દાંતીવાડા.

(એન.વી.ગુપ્તા)
જયુ.મેજી.ફ.ક.,દાંતીવાડા
કોડ નં.જી.જે.૦૧૬૫૦